આનંદ વિરહ બાવની.

પોતાના લઘુ બંધુના સ્મરણાર્થે,

રચી છપાવી પ્રસિદ્ધ કરી.

ભાવનગરવાળા.

ઠક્કર લવજી માવજી.

મુ. અમદાવાદ.

દોહા.

મૂરતિ પરમાનંદની, મહિતળ માંહિ મુકાય;
સુધા સરોવર સ્નેહિનું, સત્વર ગયું સુકાય.

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

વિના મૂલ્ય.

પ્રથમાવૃત્તિ—પ્રત ૫૦૦.

અમદાવાદ.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય
પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

મનહર—છંદ.

કોઈ પ્રિય પાછળે પુરાણ યુક્ત ક્રિયા કરી,
દુઃખ ભાર દૂર કરે પ્રીતિનાં પ્રમાણમાં;
કોઇ ધન ધામ ધરા આપીને સમાવે શોક,
કોઇ વ્રત પાળે મરનાર તણાં માનમાં;
કોઈ બ્રહ્મભોજ્ય કોઇ સદાવ્રત બાંધી બહુ,
લવજી લુંટાવે વિત્ત વિવિધ વિધાનમાં;
પ્રેમાનંદ ભાઇ તારી પ્રીતિમાં પરાગ ભર્યાં,
કવિતા કુસુમ દળ આપું તુને દાનમાં.

મનહર—છંદ.

હતો સનમુખ જેહ વિધિ તે વિમુખ થયો,
અચાનક નાખ્યો એણે દુઃખ પાસ ડોકમાં;
ઉગતું અંકુરે ક્રૂર કાળને આધીન કર્યું,
ચતુર ચુંટાવ્યો ચારૂ મુંબઇના ચોકમાં;
આનંદમાં હતાં તેને આક્રંદ ઉપાધી આપી,
શોકમાં સજાવ્યાં જેહ વસતાં વિશોકમાં;
બુટી બહુ છતાં આજ લવજી ત્રિપુટી તુટી,
પરમ આનંદ વીરો જતાં પરલોકમાં.

મનહર—છંદ.

વસુધાનો વાસી આજ વૈકુંઠ નિવાસી થયો,
ધાર્યા વિના ધીરો ધરાતળથી ધશી ગયો;
અધિક ઉમંગી વીરો કરીને કઢંગુ કામ,
જોતાં જોતાં જોડમાંથી ખેલતાં ખશી ગયો;
લવજી ન લેશ દ્વેષ દાખવ્યો દુખાઈ દિલે,
સાધીને ઉપાધી દાવ કારમો કશી ગયો;
વેષ ધારી વીરો વિષ ધારક બનીને આજ,
મ્હારાની મદદ વિના દીલમાં ડશી ગયો.

મનહર—છંદ.

પડયો ક્રૂર કાળ એગે ઉજાડયું અશોક વન,
અકાળે અમીનો ઝરો ક્ષિતિથી ખુટી ગયો;
અંતક ઉંદરે કીધું કાપણીનું છાનું કામ,
તાણ્યા વિના ત્રિપુટીનો તાગડો તુટી ગયો;
લવજી વખત વિના લખેલું લખત ફાડી,
સ્નેહિઓના સાથમાંથી છબીલો છુટી ગયો;
પરમ આનંદ ધન ખોળી આવે ઓરડેથી,
છતે રખવાળે કાળ લુટારો લુટી ગયો.

મનહર—છંદ.

જતને રાખેલું રત્ન રાખમાં રોળાઈ ગયું,
પ્રચંડ પાવક માંહિ પારસ પડી ગયો;
વિદેશ વિહારી વીરો ભાવીને ભરૂસે રહી,
ચૂકમાં ચતુર કાળ ચાકડે ચડી ગયો;
અંતક અગાધ જળે અચાનક અંજળીનો,
લવજી લાખેણો દાણો મોતીનો દડી ગયો;
મીઠા બોલ બોલનારો પઢેલો પોપટ પંખી,
પંચી કૃત પાંજરેથી આકાશે ઉડી ગયો.

મનહર–છંદ.

આનંદનો આપનારો આંખ્યોથી અલોપ થયે
બાળો બ્રહ્મચારી બળ સહિત બળી ગયો;
ચૈતન્યની મુરતિ પાષાણવત પડી ભાંગી
તેજ પુંજ તોરો તારે તારથી ટળી ગયો
ફળ ફુલે ફાલનારો કલિત કદળિ છોડ
ઉગતો અકાળે મહિ ગર્ભમાં મળી ગયો
પૂછ્યા વિના પરિયાણી લવજી ન થોભ્યો લેશ
વાંક વિના વીરા વાટ વસમી વળી ગયો

મનહર—છંદ.

ખીલતું કમળ ખેંચી કાઢયું કાળ કરી વરે,
મસ્ત બની નાખી વન વાટિકા ઉજાડીને;
મહા કાળ કુસ્તીબાજે કારમો કરીને કોપ,
દાવ પેચે નાખ્યો પેહેલવાનને પછાડીને;
સવજી ખલકે ખોળ્યો ફરી નવ મળે એવો,
અંધકાળે ઉદ્ધતામાં ફોટો નાખ્યો ફાડીને:
રાખ્યાં શોક કરતાં સહાય સગાં સુજનને,
હાથમાંથી હંસલાને ઓચિંતો ઉડાડીને.

મનહર—છંદ.

મંદિરોમાં મ્હાલનારો મહાન મોજીલો નર,
વસ્તિને વિસારી જઈ વસિયો વિરાનમાં;
ચંચળ ચકોર આજ અંતિમ અશક્ત બની,
અચળ સમાધી ધારી બેઠો એક ધ્યાનમાં;
ભાવતાં ભોજન નિત્ય જુક્તિ કરી જમનારો,
લેશ નથી નાખતો નજર ખાન પાનમાં;
બહુ બોલનારો આજ લવજી અબોલા લઈ,
પલંગનો પોઢનાર સૂતો શમસાનમાં.

મનહર-છંદ.

વ્હાલાંનો વિસામો કાળ કૃષિકારે કાઢીનાખ્યો
વિખેર્યું ચંદન વન વાડ વણસાડીને;
છાયા વૃક્ષ વિદ્યુતના કોપમાં વિનાશ પામ્યું,
મોહનું મંદિર તોડ્યું પ્રૌઢ વજ્ર પાડીને;
લવણ ઉગાવ્યો દ્રઢ સિદ્ધિઓના સાધકને,
બીજ મંત્ર દીધો ડોળા જળમાં ડુબાડીને;
નાખી કાળે કૂપ રાખ્યાં ડુબતાં સહાય દુઃખે,
બ્હાર ખેચનાર વીરો ગયો વર્ત વાઢીને.

ઇંદ્રવિજય—છંદ.

કેમ કહ્યાં વિણ ભાઇ પ્રમાનંદ,
આજ જવા પરલોક પ્રયાણ્યો;
શું દુઃખ એવું પડ્યું શિર ઊપર,
કેસરિ કેમ ઊરે કહરાણો;
કોય લડ્યું ન વડ્યું લવજી નથિ,
કેમ વિરા વિણ રાડ રિસાણો;
સ્નેહ છતાં દઇ છેહ અરે પ્રિય,
કેમ થયો કુળ દીપક રાણો.

ઇંદ્રવિજય—છંદ.

આમ કઠોર કરી નિજ અંતર,
છેક ઘટે નહિ નિર્દય થાવું;
ઘાટ વિના ન ઘટે ઘટવું,
ન ઘટે વળિ હાનિ કરી હરખાવું;
વખ્ત વિના કરિ સખ્ત ઉતાવળ,
ક્યાં વસવા ધ્રુવ ધામ વસાવ્યું;
પાઠવ પત્ર લખી પ્રિય તો,
મળવા તુજને કરિ મ્હેનત આવું.

ઇંદ્રવિજય—છંદ.

સ્વર્ગ તણું સુખ એષ્ટ ગણી,
થયું હોય કદાપિ જરૂરનુ જાવું;
તો જઇ ગાધિ તનૂજ કને,
મન મગ્ન કરી શુભ યગ્ન કરાવું;
દાન વિધાન અનેક વડે,
વિબુધાધિપતી તણુ મન મનાવું;
માગિ મુખે વરમાં તુજને લઇ,
લક્ષ વસા લવજી ઘર લાવું.

ઇંદ્રવિજય—છંદ.

હોય કદી પ્રભુ પાસ જવા,
પય સાગર માંહિ સરીર સમાવ્યું;
તો રૂષિરાજ અગસ્ત કને જઇ,
અંબુધિ અંજળિ માંહિ ભરાવું;
પાન કરાવિ પયો નિધિનું,
ધરિ ધીર ખરેખરિ ખોળ કરાવું;
જો તુજ જાત જડે જગમાં લખિ,
લક્ષ વસા લવજી ઘર લાવું.

ઇંદ્રવિજય—છંદ.

શાન્ત થવૂં શિવલોક વિષે જઇ,
એમ કહી તુજ અંતર આવ્યું;
તો ભરિ થાળ ઉમાપતિને શિર,
કેસર ચંદન પુષ્પ ચડાવું;
ગર્વ તજી ગુણ ગાથ કહી,
શિવને પ્રિય તે સહુ કૃત્ય કરાવું;
પ્રાય પ્રસન્ન કરી પ્રભુને પછિ,
માગિ તુંને લવજી ઘર લાવું.

ઇંદ્રવિજય—છંદ.

હોય હિસાબ કદી કરવા,
યમ લોકથિ તેડું અચાનક આવ્યું;
તો જઇ ન્યાઇ નૃપાળ કને,
નમિપુર્વ અપુર્વનું પાનું કઢાવું;
લેવડ દેવડ લેખું લખી,
નિજને શિર જોખમ સર્વ નખાવું;
મુક્ત સહુ રણથી તુજને કરિ,
લક્ષ વસા લવજી ઘર લાવું.

ઇંદ્રવિજય—છંદ.

હોય કદાપિ કુરોગ થયો,
ચડિ તાપ અમાપથિ જે તન તાવ્યું;
તો ભિષગી ભગવંત કને,
ઉપચાર વિધી અકસીર કરાવું;
સોધિ સુધા વસુધા તળનું,
વન ઔષધિ ભાર અઢાર મગાવું;
પાઇ તુને કરિ સદ્ય સજીવન,
લક્ષ વસા લવજી ઘર લાવું.

ઇંદ્રવિજય-છંદ.

હોય કદી ગ્રહ રિષ્ટ થઈ,
તુજ આયુષ્યનું અવસાન અણાવ્યું;
તો રવિ આદિ નવે ગ્રહના,
મુનિ મંડળને મળિ મંત્ર કરાવું;
જાપ જપાવિ મૃત્યુંજયના,
ફળ આયુષ અંજલિ મધ્ય અપાવું;
શાન્તિ વડે કરિ સદ્ય સજીવન,
લક્ષ વસા લવજી ઘર લાવું.

ઇંદ્રવિજય છંદ.

હોય કદી શિર શત્રુ તણું થયું,
દારૂણ દુઃખ ન જાય જણાવ્યું;
તો અરજી કરિ કોરટને,
અરિઓ સહુને તરિ પાર કરાવું:
આપિ પગાર પુરા કરવા તુજ,
રક્ષણના રખવાળ રખાવું;
ભીતિ નિવારિ છતો છિતિમાં કરિ,
લક્ષ વસા લવજી વર લાવું;

ઇંદ્રવિજય--છંદ.

જે દિશિમાંહિ જતું મુને ઝટ,
તે દિશિમાં ખરિ ખોળ કરાવું;
ખેપ કરી અધિ ખટક ફરી વળું,
વખત બધો તુજકાજ વિતાવું;
મૂલ દઈ તુજને મળવા જગ,
હોય ઉપાય બધા અજમાવું;
જો ઉર આશ પુરે મુજ ઇશ્વર,
લક્ષ વસા લવજી વર લાવું.

મનહર—છંદ.

ગરીબીનું ગ્રહી પણું ગમ્યું, નહિ ગુણિયલ,
તુરત વિચાર્યું તન ત્રણવત ત્યાગવા;
ધ્રુવ ધ્યાન ધારી અતી ઉગ્ર તપ આદરીને,
કરીને પ્રસન્ન પ્રભુ ઉર અનુરાગવા;
મોડવા અરીનો મદ પામવા શ્રીમાનપદ,
દીનતા દુરાવી બીડ ભવીષ્યની ભાગવા;
લવજી લાગેછે તારૂં જાવું પ્રભુપાસ થયું,
હશે તારા ઉરમા રમાનો વર માગવા;

મનહર—છંદ.

ખોળી સહુ ખામી દેહ ધારિઓની ખંત ધરી,
સુવિચારે સુદ્ધ કરી અંતઃકરણને;
ગણિત આનંદ બધા લવજી અનિત્ય લખી,
સેવવા વિચાર્યું ચારૂ પ્રભુના ચરણને;
માયા માન મોડી તોડી જગત જંજાળ બધી,
વખોડી વિષાદ ભર્યા વપુના વરણને;
સમાવા સ્વરૂપ માંહી ઉપમા રહીત રહી,
જીતવા ગયા છો જાણું જનમ મરણને;

મનહર—છંદ.

વિદ્યા ભણવાનો ભાવ અંતરે અધીક હતો,
કરતો અધ્યયન સદા રહીને સદનમાં;
ગુર્જર ગિરાનું જ્ઞાન મેળવ્યું ગુણીમાં મળી,
રાજ ભાષા ભણ્યો જેનું માન હતું મનમાં;
જ્ઞાનના અનેક ગ્રંથ વાંચીને વિચારી જોયા,
ગતી કરી ગીતાજીના વિષય ગહનમાં;
એછતાં અધિક લાભ લવજી વિદ્યાનો લેવા,
વસવા વિચાર્યું હશે ભારતિ ભુવનમાં.

મનહર—છંદ.

શ્રવણ આખ્યાન નખશિખ સુધિ સાંભળતાં,
પિતુ સેવા પરે પ્યાર આવ્યો તારા ઉરમાં;
જુઠી જગ આશા તજી સર્વથી ઉદાસ બની,
સ્નેહથી જવાનું તે વિચાર્યું સુર પુરમાં;
પ્હોંચી પરલોક અષ્ટ પ્રકારે પિતાને પૂજી,
સુકૃત્યે કૃતાર્થ થવું ભાવ ભરપૂરમાં;
લવજી લાગે છે તારું અચાનક ઉઠી જવું,
હેતેથી હમેશ રેવા પિતાની હજૂરમાં.

ઇંદ્રવિજય-છંદ.

તર્ક વિતર્ક અનંત કરી ઉર,
બેહુ ભરાઇ જઈ ભ્રમ ઓળે;
યોગ્ય અયોગ્ય જણાય નહિ જરિ,
ખોટું ખરૂં નહિ અંતર ખોળે;
બુદ્ધિ બહુ બળહીન બની ચિત,
ચંચળ નિત્ય ચડ્યું ચકડોળે;
કેમ વિરામ લહે લવજી મન,
હામ હરી હદ હાય હિલોળે.

ઇંદ્રવિજય—છંદ.

અંતર માહિ ઉઠયો સળગી દવ,
ધીરજ વારિ વિના વધનારો;
જીવ વિહંગ જળે લવજી તન,
સાંખિ શકે નહિ ઘામ ધખારો;
આંખ ઉઘાડિ ઉડાય નહીં,
અનિવાર્ય થયો દુઃખદાઈ ધુમાડો;
કોણ બુઝાવિ બચાવ કરે,
કર છોડિ ગયો કરૂણા કરનારો.

ઇંદ્રવિજય—છંદ.

ડાઘ પડયો દિલમાથિ ખસે નહિ,
ધીરજ વારિનિ ધારથિ ધોતાં;
ઉજવળ કેમ કરૂં નિજ અંતર,
એક ઉપાય જડે નહિ જોતાં;
લોચન લાલ થયાં ન મટે,
લવજી રજની દિન રોદન રોતાં;
ખેલ બધો બગડયો ખપમાં,
ખરિ ખૂબિ ભર્યો ખલકે નરખોતાં.

ઇંદ્રવિજય—છંદ.

ધીરજ લેશ ધરાતિ નથિ,
વિસરાતિ નથી મુરતી મનુહારી:
સંકટની ઉતરાતિ નથી સરિ,
પૂર ભરાયુ વિલાપનુ વારી;
નાવ નથી પડતું નજરે,
જડતો નથિ કોય જગેં કરધારી:
તારણ હાર ગયો તજિને પડિ,
અંધ અધીય અચાવનિ આરી:

ઇંદ્રવિજય—છંદ.

તિક્ષણ તાપ ચડ્યો તનમાં વહ્નિ,
વિદ્યુત વેગ વધ્યો ઉર વ્યાધી;
પાપિ પ્રલાપ વધ્યો ભ્રમથી,
અતિ દાહ થકી ગયું અંતર દાધી;
થાકથિ સ્વાસ પ્રસ્વેદ થઇ,
વધિ એકથિ એક અનેક ઉપાધી;
કોણ ઉગારિ લિયે લવજી,
ઉપચારક વીર ગયો વસુધાથી.

ઇંદ્રવિજય—છંદ.

થાકિ ગયો સ્થિરતા કરવા પણ,
લેશ નહી લવજી મન માને;
એક વિચાર મહી વળગ્યું,
અળગા કરિને જન બોધ બધાને;
કેમ કરૂં ધરતું નથિ ધીરજ,
વારિ શકાયન વ્યાધિ વ્યથાને;
સાંભળનાર ગયો સ્વરગે,
જગ કોય સુણે નહિ કષ્ટ કથાને.

ઇંદ્રવિજય-છંદ.

સત્વ વિહીન સરીર થયું,
સુખહીન સુકાઇ ગયું અતિ શોકે;
નૂર ગયું મુખનું ઉડિને ઉર,
સૂર ગયું તજિ ધીરજ ધોખે;
હામ તમામ હરાઇ ગઇ,
અવલોકિ જરા ચડ્યું જીવન ઝોકે;
ખામિ પડી ખલકે લવજી,
પ્રિય પાલક વીર જતાં પરલોકે.

ઇંદ્રવિજય—છંદ.

કાવ્ય કળા કરવી ન ગમે,
ન ગમે રસ રાગ વિરાગનિ વાતુ;
રમ્મત કો ન ગમે રમવી,
શ્રુતિ વાક્ય નથી સુણવા ચિત ચાતું;
હાસ્ય વિલાસ કશું નગમે,
નિશિ વાસર ઊર રહે અકળાતું;
કેમ થશે કરતાર અરે લવજી,
મુખથી નથિ કાંઇ કથાતું.

ઇંદ્રવિજય-છંદ

ભોજન ભાવ ભર્યું ન ગમે,
સુખ સાધન કોય ગમે નહિ સારૂં;
શર્દ સમૂં ન ગમે જળ સીતળ,
કેમ કરી તપતૂં તન ઠારૂં;
સ્વાદ વિષાદ થતાં ન ગમે,
થયુ અમૃત તે પણ આજ અકારૂં;
લિજ્જત લૂંટિ ગયો લવજી પ્રિય,
ખેદ ભર્યું કરિ જીવન ખારૂં.

ઇંદ્રવિજય- છંદ.

એક ઘડી ઘરમાં ન ગમે જઈ,
બેસવું બ્હાર બજાર ન ગોઠે;
ભાન ભુલાઈ ગઇ તનની,
ન દુકાન મહીં ચિત ચંચળ ચોટે;
કેમ જીવાય હવે જગમાં,
સુખ સાગર દૂર ગયો અતિ ઓટે;
દીન બની દુઃખ કીચડમાં,
લવજી મન મીન પડયું નિત લોટે.

ઇંદ્રવિજય—છંદ.

આવિ પડ્યું દુઃખ દ્વંદ શિરે,
અણ આય અતોલ નથી ઉચકાતું;
કેમ સમાસ કરૂં ઉરમા,
ભરતાં નથિ સાગર માહિ સમાતું;
ત્રાસુ અને ઘણું નાસું છતાં પણ,
લેશ દુરે નથિ જાતુ જણાતું,
કાગળમાંલખતાં લવજી નથિ;
બંધુ વિયોગનુ કષ્ટ લખાતું,

મનહર—છંદ.

જુવાનીનું જોર કરી મહા મજબુત છતાં,
સબંધની સાકળના ઉઘાડીને આંકડા;
ભેરૂ હતો ભવીષ્યનો છતાં ગયો ભાગીકેમ,
ફાવતું ન હતું છતાં ફરી બેઠો ફાંકડા,
હતોતું સુજાણ છતાં આમકાંય જાણબની;
શોભે નહી એવાકાં વિચાર કરી સાંકડા,
જાવું નોતું જોતું છતાં કરી ઉતાવળ આજ,
આડેથી ઉપાડી લીધાં લવજીના લાકડાં.

મનહર–છંદ.

ગ્રહસ્થા આશ્રમ બાંધી ગણનામાં ગણાવું તું,
ચાણાક્ય બનીને હતું ચાલવું ચતુરમાં;
વરી પરણીને વંશ વેલાને વધારી વીરા,
રણ મુક્ત થાવું હતું પિત્રિઓ હજુરમાં;
ભાઈબ્હેન ભત્રિજાને સગાં સ્નેહિઓ સહુને,
લ્હાવા લેવરાવવાનુ આણ્યુ હતુ ઉરમાં;
ઉપાસી અધૂરાં રાખી કામ કરવાનાં બધાં,
સત્વર સિધાવિયેન શાણા સુર પુરમાં.

મનહર—છંદ.

બાળ પણ હતું છતાં મન બળવાન હતું,
દોડીને ગયો તો દુઃખ દારિદ્રનું ઠેલવા;
મુંબઇમાં વસીમોટા શ્રીમાનોની સાથે મળી,
ઉદ્યમ અનેક ખરી ખંત ધરી ખેલવા;
કરી સુકમાઇ જેમ જબ્બર જમાવી જાતે,
આવવું તું પાછું બધી આંટિયો ઉકેલવા;
વ્હેલાં વચન વ્હાલા પાળવા નઆવ્યો પાછો,
કેમ મન માન્યું દેહ મુંબઇમાં મેલવા.

મનહર—છંદ.

મુંબઇમાં રે'તો ત્યારે વિવિધ વિચારભર્યા,
પ્રીતી તણા પત્રતારા આવતા એકાંતરા;
કરતો શાંત્વન સારી રીતે મારા મન તણું,
પ્રથક પ્રથક બધા પાડીને પટાંતરા;
લવજી લખાણ તારૂં વિનય વિવેક વાળું,
સંભારી સંભારી ઉરે આવે દુઃખ ઉભરા;
વ્હાલા એવા કાગળોની વાટડી વિરાનબની
હવેતો આવે છે તારી ખોટના ખરખરા.

મનહર—છંદ.

વ્હાલા એની વિપત્તિનો ખ્યાલ ઉરે આણવો તો,
છાતી ફાટ રોશે એમ જાણવું તું છેલડા;
મળવાનું કહીને છબીલા કર્યું છળવાનું,
વળવાની વાત ન વિચારી મન મેલડા;
સાહ્ય કરવાને ટાણે લવજી લગાડી લાહ્ય,
લેશ લાજ તુને નવ આવી અલબેલડા;
વીરી થઇ વેરભાવ ભજાવ્યો રાખીને દાવ,
ઘોડે ચડી ધાવ આમ કરિયે ન ઘેલડા.

મનહર—છંદ.

માતાને માનીતો હતો બાળકપણામાં બાપુ,
સ્નેહનું સલીલ સીંચી ઉછેર્યો ઉમંગમાં;
રાજી રાજી રાખ્યો રોજ રમ્મત રમાડી રૂડી,
ખોળેથી ખસેડ્યો નહી સાંચવ્યો સુસંગમાં;
લવજી લડાવ્યાં લાડ પાડ મનાવાને પૂરો,
વિલોકી વદન રેતાં આનંદ અભંગમાં;
જાણશે જવાની વાત સુરપુરે તારી ત્યારે,
અસહ્ય આઘાત થશે જનનીના અંગમાં.

મનહર—છંદ.

બંધ થયાં વાધતાં વરષ તારી આયુષ્યના,
બંધ થયા ત્રિપુટીના તાપ તન તાવતા;
બંધ થઇ વાટ તારી આવવાજવાની વીર,
બંધથયા પ્રીતી પત્ર અહોનિશ આવતા;
ઉન્નત આશાના દ્વાર બંધ થયાં બાપુતારાં,
બંધ થયા બોલ બળી ગગન ગજાવતા;
લવજી જવાથી તારા એ બધુંએ બંધથયું,
નથી થયાં બંધ મારાં નેણ નીર શ્રાવતાં.

મનહર—છંદ.

આવી શુભ અવસરે ભાણેજને ભલી ભાત,
આપ્યું તુ વચન ઉપનયન અપાવવા;
વેદ વિધિ વડે ક્રિયા મંગળ કરાવા માટે,
લવજી કહ્યુંતું કુલ ગુરૂ સાથે લાવવા;
ચારૂ ચીર પટ પાઘ દુપટ્ટા દ્વિગુણ આપી,
બ્હેન બનેવીને રાજ રીતથી રીઝાવવા,
વિસારીએ વેણ વ્હાલાસ્વરગે સિધાવીજતાં,
શી રીતે અવાશે બાનો બડવો મનાવવા.

મનહર—છંદ.

નેહની નજર કેમ બદલાણી બાપુતારી
ક્યાંથી આભરાણી આવી નેણમાં નિઠુરતા
સંભાળીને શાન્ત મને કરતો હરેક કામ,
ધીર વીર ક્યાંથી આવી આવડી આતુરતા;
સુખનો સમૂહ દુરાવિને દુઃખે દાખવાને,
શાણા સુકુમાર ક્યાંથી સાંપડી આ સુરતા;
કાપવાને કાળજ આ કષ્ટની કુવાડિયેથી,
કોમળ રૂદામાં ક્યાંથી આવી વસી ક્રૂરતા;

મનહર—છંદ.

કરગરી કહુ છું તે રાખી રેજે હૃદયમાં,
જોજે ફરી ભાઇ હવે ભૂલતો ભવિષ્યમાં;
જન્મજરા મર્ણ તણું જોખમ જબર જાણી;
માતાને ઉદર ફરી વખત આવીશ માં;
કોય પરે આવો કાળો કેર ના કરીશ કદી,
ડાઘ દેવા ઉરે કોય લવજી લાવીશ માં,
ભેળો ચાલી ભાઇ રણુવગડે વિયોગ તણે,
અમને તપાવ્યાં એવાં કોયને તાવીશ માં;

મનહર–છંદ.

ભાઇ રમણીક ભતરીજના વિવાહ વિષે,
તારા વિના કામ બધાં કેવી રીતે ચાલશે;
લવજી લગન વિધી વખતે ઉમંગ લાવી,
લાડ કોડ પૂરી કોણ પ્રીતિ રીતો પાળશે;
આવતા પરૂણાઓને આપશે આદર કોણ,
પાન ફૂલ આપી કોણ સાજન સંભાળશે;
ગોરાં અંગે ઓપે એવાં અનૂપમ આભૂષણો
પ્હેરી ઓઢી કોણ મારા મંડપમા માલશે

ઇંદ્રવિજય—છંદ.

કોણ હવે અસમંજસમાં ભય,
ભ્રાંન્તિનિવારિસુશાન્તિપમાડે;
કોણ હવે ધરિ હામઉરે ઘરનો,
શિર ભાર તમામ ઉપાડે;
કોણ હવે લવજી દઇ હીમ્મત,
ભેરૂ બનીજગ આજિ જિતાડે;
કોણ હવે અરિથી લડતાં પ્રિય,
બંધુ વિના કરશે કર આડે;

ઇંદ્રવિજય—છંદ.

કોણ હવે ફરમાસ થતાં,
હિત ખાસ તજી નિત હાજર થાશે;
કોણ હવે ધરિ હુકમ શિરે,
કરવા મુજ કામ હિયે હરખાશે;
કોણ હવે લળિને લવજી,
મળવા મુજને ઉઠિ આતુર ધાશે;
વીર ગયો કરિ આજ અધીર,
રૂધીર સરીર છતાંય સુકાશે.

ઇંદ્રવિજય—છંદ.

સ્વપ્ન મહીં પણ મૂરતિ એહનિ,
આવિ ઉભી દ્રગ આગળ રે'છે;
લેશ ન ફેર દિસે સવળી,
કૃતિ એજ વિલોકવું એજ હસે છે;
એક ઘડી અળગી ન રહે,
વળગી ઘટના પટ માંહિ દિસે છે;
જાગ્રત સ્વપ્ન વિતે સરખાં,
કહું કેમ હવે તનડું તલપે છે.

ઇંદ્રવિજય—છંદ.

કેમ હવે વહિયાવટમાં પ્રિય,
બંધુ વિના બમણું બગ થાશે;
હારિ હરીફ બધા બળથી ઝટ,
કેમ હવે નમણું દઇ જાશે;
કેમ જશે દુઃખ દૂર દરીદ્રનું,
કેમ હવે હિતુઓ હરખાશે;
ભાંગિ ભવાઇ પડી લવજી,
ભવ વેશ ભલો ન હવે ભજવાશે.

ઇંદ્રવિજય—છંદ.

કેમ હવે ધરવી ઉર ધીરજ,
કાપવિ કેમ વિયોગનિ વાઢું;
ક્યાં કરવી જઈ વાત વિલાપનિ,
સાધન શું કરવું સુખ સાટૂ;
ક્યાં ભરવું ન જણાય જગે,
દુઃખ ભારથિ અંતરનૂં પટ ફાટ્યું;
વૃદ્ધ વયે વિપતી લવજી પડિ,
કેમ ખમાય પડ્યા પર પાટૂ.

મનહર—છંદ.

આનંદ ઉચ્ચાર થતાં સાંભરીશ સહુ ઉરે,
નીરખતા સાંભરીશ જનો તારા નામના;
છબીલા જોવાથી છબી સઘ સાંભરીશ વળી,
સાંભરીશ ન્યાળતાં નમુના ચિત્ર કામના;
સ્વભૂમિએ ભાઇઓનું ભેળું થશે મંડળ જ્યાં,
સાંભરી આવીશ ત્યારે અંતરે તમામના;
લવજીને લક્ષવાર સાંભરીશ સુરા વીર,
વૃદ્ધપણે આપનારા અધિક આરામના.

મનહર—છંદ.

ત્રણ્યસોને સાઠતણા આઠે પ્હોર અંતરમાં,
આવશે અપુર્વ યાદી તાહરી પળે પળે;
ભોજનમાં સાજનમાં વાર પર્વ માંહીં વળી,
સાંભરી આવીશ શાણા અમને સ્થળે સ્થળે;
સવજી વંશાવળીમાં મીત્ર તણી મંડળીમાં,
પડી ખોટ તારી નહીં કોયથી ટાળી ટળે;
કેરડાના કાંટા સમો સાલશે સહાય તારો,
સલૂણા સનેહ નહી ઉરમાંથી નીકળે.

મનહર—છંદ.

જ્યારે જ્યારે વંચાશે આ કવિતા કોકીલાતારી
ત્યારે ત્યારે યાદી તારી ફિર મહીં આવશે;
અંતઃકરણ ચુલે ભરીને ભારેલો જેહ,
વિરહ અનળ તણી જ્યોતિને જગાવશે.
બળતાંથી બચવાને ઠરવાનું ઠીક જાણી;
વ્હાલાઓનાં દ્રગ વેગે વારિ વરષાવશે:
પણ લવજીને ઉરે લાગેલી લાડીલા આગ,
તારા વિના બીજું બાપુ કોય ના બુઝાવશે

મનહર–છંદ.

નામ તેનો નાશ ખાસ નિયમ છે ખલકનો,
જનમી આ જગે કોય અમર નથી રહ્યું;
કોઇ આજકાલ કોઇ માસ કે છમાસ પછી,
કેડે મોર આવ્યું એમ જાય છે સહુ વહ્યું;
મરવું બધાને માથે એતો વેદ વાણી પણ,
[1]વચનો વિચાર થતાં દુઃખ જાય ના સહ્યું;
અધૂરૂં આયુષ્ય મુકી આમ ઉઠી ચાલ્યોવીર,
એજ દાઝ લાગી લવજીના દિલને દહ્યું.

---

1 જન્મ–સંવત ૧૯૪૩ ના કાર્તિક સુદ ૧૧
મરણ–સંવત ૧૯૭૨ ના શ્રાવણ વદ ૧૨

મનહર—છંદ.

ભૂલી ન જવાય એવું ભાઇ તારૂં ભવ્ય રૂપ,
રાતદિન રે'શે મારા ઉરમાં રમી રમી;
સહી ન શકાય એવો વીરલો વિરહ તારો,
નાખશે નિદાન સ્નેહ દેહને દમી દમી;
કરૂણા રસીક તારી કવિતા આ કદરાતાં,
ક્હીશું ભરાતાં કંઠ ખોખરે ખમી ખમી;
સવજી ખલકે ખોટ પડી પુરે પૂરી તારી,
નહિં જડે જોડ જોતાં ભૂતળે ભમી ભમી.

મનહર—છંદ.

આપેલી થાપણ છાની હશે અમે ઓળવેલી,
થવા ધનવાન વેષ ધુતારાનો ધારીને;
ધાવતાં ધેનુનાં વત્સ હશે વછોડાવ્યાં અમે,
વ્હેતી નીક મૂકી પાય વાર્યું હશે વારીને;
લવજી દીધેલું દાન લીધું હશે પાછું લડી,
પરીણામ પામવાની વેદના વિસારીને;
પ્રગટ્યું હશે એ પાપ આપવા અમાપ તાપ,
દીધો આ વિયોગ દંડ વિધિએ વિચારીને.

મનહર—છંદ

બધી તિથિઓમાં બેઠી બારસ બનીને રિષ્ટ,
બારસે તો કામ બહુ શત્રુ વત સાર્યાં છે;
માતા ગયાં બારસેને બ્હેની પણ બારસમાં
પિતુ પરલોક માહિં બારસે પધાર્યા છે;
બીજા પણ પ્રેમિઓએ બારસે પયાણ કર્યાં,
સહુથી અધીક પ્રિય પ્રાણ તારાં હાર્યાં છે;
લવજી લેવાને વેર આવી હશે આગળનું,
બારસે તો બાપુ નૂર અમારાં ઉતાર્યાં છે.

મનહર—છંદ.

આજ પછી અંત સુધી અંતરથી એક ઘડી,
ભૂલશું ન ભાઇ તારી દુઃખદ વિદાઇને;
ગરજ બધાંની ઉરે રાખશું વિસારી ગર્વ,
સાંચવશુ સ્નેહે સહુ સગાંની સગાઇને;
જેમ તેમ કરી પૂરૂં આયુષ્ય કરી શું બાપુ,
રે'શું ગમ ખાઈ ગુણ ગોવીંદના ગાઇને;
લવજી મનાવી મન ભાવી બળવાન ગણી,
ભાવ ધરી જોશું ભલા લક્ષમણ ભાઇને.

મનહર—છંદ.

ભાઈ લક્ષમણ વીર જીવો ઘણા વર્ષ લગી,
વિશ્વે વંશ એનો વટ વૃક્ષ વત વાધજો;
ભરાજો ભંડાર ધન ધાન્ય ભાર વડે એના,
એહથી તમામ કામ અમારાં પૂરાં હજો;
લવજી સકળ આશ પૂરજો પ્રભુજી એની,
વિયોગ તારાની વ્યથા સ્હેવા આય આપજો
બંધુનું બિરદ તારી જગ્યા રાખે જાળવીને,
સહાયને માટે પ્રીતી પાળક પૂરો થજો.

મનહર–છંદ.

વાંચીને વિરહ મુજ વીરનો વિવેકીજ
વૈરાગની વાટ વિષે વાળજો મનો '
અવિદ્યાથી આઘા વસીસેવજો સાચાનો સંગ
આણીને ઉમંગ ઉરે કરજો રૂડી કૃતી;
સમજી સ્વપન વત જગત જંજાળ જૂઠી,
પર ઉપકાર પરે રાખજો રતી અતી;
જીતી જવા બાજી જગ લવજી લેવાને લાભ
સ્નેહ ધરી સાચે દિલે રટજો રમાપતી.